પ્રાંતિજ ખાતે બાવન પરગણા અને બાવીસ પરગણા સમાજનો સન્માન સમારોહ યોજાયો

પ્રાંતિજ તા.૨૫, સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દિવ્ય જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ કડજોદરા અને તાજપુર નિવાસી નટવરસિંહ પ્રિયદર્શી પરિવાર ના સંયુકતઉપક્રમે બાવન-પરગણા અને બાવીસ પરગણા સમાજ ના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ તથા વિધાર્થીઓને વિનામૂલ્યે ચોપડાનુ વિતરણ કરવામા આવ્યુ. પ્રાંતિજ દશા શ્રીમાળીની વાડી ખાતે દિવ્ય જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ કરજોદરા અને તાજપુર નિવાસી નટવરસિંહ બી.પ્રિયદર્શી પરિવાર ના સંયુક્ત ઉપક્રમે સંયુક્ત શૈક્ષણિક કાર્યક્રમ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા અનુસુચિત જાતિ (રોહિત) સમાજ બાવન પરગણા ના ધોરણ-૫થી૧૨ ના વિધાર્થીઓને વિનામૂલ્યે ચોપડાઓનુ વિતરણ કરવામા આવ્યુ હતુ તેમજ બાવન પરગણા અને બાવીસ પરગણા વર્ષ-૨૦૨૩ મા પાસ થયેલ ધોરણ-૧૦ અને ૧૨ ના તેજસ્વી તારલાઓનુ ઉપસ્થિત મહાનુભાવોની ઉપસ્થિત મહાનુભાવોની ઉપસ્થિતમા સન્માન કરવામા આવ્યુ હતુ તો પ્રસંગે સમારંભના પ્રમુખ દિનેશસિંહ એન. પ્રિયદર્શી, ઉદઘાટક તરીકે પ્રાંતિજ નગર પાલિકા ના પૂર્વ પ્રમુખ અરવિંદભાઇ પરમાર, ભીખાભાઈ એમ.વાણિયા દિવ્ય જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ દિનેશકુમાર જે પટેલ, ઉપપ્રમુખ ચેતનભાઇ બી. ધારવા, મંત્રી ભરતકુમાર કે.રોહિત મુળજીભાઇ ડી.પટેલ, અમૃતભાઈ એ.રાઠોડ, મનીષ કુમાર એન પ્રિયદર્શી , ચિન્ટુભાઈ પરમાર સહિત સમાજના આગેવાનો આમંત્રિત મહેમાનો સહિત વિધાર્થીઓ વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપની પ્રદેશ નેતાગીરી ભ્રષ્ટાચારને કેમ સાંખી રહી છે તેવા સવાલ થયા

સાબરડેરીના ચેરમેન શાંમળભાઈ પટેલના મનસ્વી વહીવટ, ભ્રષ્ટાચાર સામે ડિરેક્ટરે મોરચો માંડ્યો

સાબર ડેરી આગળ શર્ટ ઉતારી ધરણાં ઉપર બેઠા, પાછળથી બંધ બારણે સમાધાન

બાયડ, તા.૨૫ જિલ્લાની ટોચની સહકારી સંસ્થા સાબરડેરીમાં ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બની ગયો છે. સાબરડેરીના ચેરમેન શાંમળભાઈ બી. પટેલના મનસ્વી વહીવટ અને ભ્રષ્ટાચાર સામે મોરચો માંડી સાબરડેરી આગળ શર્ટ ઉતારી ધરણાં પર બેસતાં જિલ્લાના સહકારી રાજકારણમાં હલચલ મચી ગઈ છે. જ્યારે સાબરડેરીમાં અનહદ ભ્રષ્ટાચાર, સગાવાદ ચાલી રહ્યો છે અને છતાં ભાજપની પ્રદેશ નેતાગીરી અને કેન્દ્રીય નેતાગીરી આ મુદ્દે ચૂપ કેમ છે..?? તે પ્રજા અને પશુપાલકોને સમજાતું નથી. ભાજપ સાબરડેરીના મનસ્વી વહીવટ સામે લગામ નહીં મૂકે તો આગામી લોકસભા ચૂંટણીમાં તેના ગંભીર પરિણામો જોવા મળી શકે છે. પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરડેરીમાં કોઈપણ ભરતી હોય તેમાં ચેરમેન સહિતના ડિરેક્ટરોને પોતાના મળતિયા ઉમેદવારો ભરવા માટે સીટની ફાળવણી કરી દેવામાં આવે છે અને રુ ૧૫ થી ૩૫ લાખ ખંખેરીને ખુલ્લેઆમ ભરતીનો વેપાર ચાલતો હોવા છતાં રાજયની ભાજપ સરકાર અને કેન્દ્ર સરકાર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ટોચની સહકારી સંસ્થામાં ચાલતા ભ્રષ્ટાચારને નજર અંદાજ કરી રહ્યા છે. સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ અને તેમના સગાઓએ કરોડો રુપિયાની મિલ્કતો વસાવી છે તેવા ગંભીર આરોપ લાગેલા છે અને હવે સાબરડેરીના વર્તમાન ચેરમેન અને બાયડના પૂર્વ ધારાસભ્ય જશુભાઈ પટેલ શનિવારે સાબરડેરી પહોંચ્યા હતા જ્યાં મુખ્ય બિલ્ડીંગ આગળ કાળા રોલર બોર્ડ ઉપર ચેરમેનના મનસ્વી વહીવટ, ભાવફેર કેટલો આપવાના છે સહિતની કોઈ માહિતી મને આપી નથી તેવો આરોપ લગાવી ધરણાં પર બેઠા અને ત્યાર પછી શર્ટ ઉતારી ધરણાંની શરુઆત કરતાં એમ.ડી. સહિતના અધિકારીઓ તેમને ધરણાં સમેટવા આજીજી કરવા દોડી આવ્યા હતા પરંતુ તેઓએ ધરણાં સમેટવાનો ઈંકાર કર્યો હતો. સાબરડેરીમાં ભ્રષ્ટાચાર કેટલો ફૂલ્યો ફાલ્યો છે તે પ્રજાના ધ્યાનમાં છે પરંતુ ખુદ ડિરેક્ટરો ભાગબટાઈમાં સામેલ છે છતાં એવું તે શું બન્યું કે સાબરડેરીના ડિરેક્ટરને ધરણાં પર બેસવાની ફરજ પડી.

ઉપરી આકાઓના ઈશારે મનસ્વી વહીવટ - ડિરેક્ટરનો ગંભીર આરોપ

સાબરડેરીના ડિરેક્ટર અને બાયડના પૂર્વ ધારાસભ્ય જશુભાઈ પટેલ શનિવારે સાબરડેરી પહોંચ્યા હતા અને શર્ટ ઉતારી ધરણાં શરુ કર્યાં અને મીડીયા સમક્ષ જણાવ્યું કે સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ મનસ્વી વહીવટ કરી રહ્યા છે. કેટલો ભાવફેર આપવાના છે તેની સ્પષ્ટતા કરી નથી, મંડળીઓના મારા ઉપર ફોન આવી રહ્યા છે, સાબરડેરીમાં ૧૦૦૦ પ્રકારનો ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે, માંગવામાં આવતી માહિતી આપવામાં આવતી નથી, ઉપરી આકાઓના ઈશારે મનસ્વી વહીવટનો આરોપ લગાવી બિલ્ડીંગો બાંધવામાં પણ સોનાના સળીયા નાખવાના હોય તેવા ઉંચા ભાવ આપીને ભ્રષ્ટાચાર આદર્યો છે. જ્યાં સુધી મેં માગેલી માહિતી મને આપવામાં નહીં આવે ત્યાં સુધી હું ઉભો થવાનો નથી તેમ જણાવ્યું હતું.

રુટના પ્રશ્ને અધિકારી સાથે મગજમારી કરી – સાબરડેરી ચેરમેન

સાબરડેરી ચેરમેન શામળભાઈ પટેલનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે હું બહાર છું પરંતુ મને જાણકારી મળી છે કે ડિરેક્ટર જશુભાઈ પટેલે બાયડ તાલુકાના ડેરીના એક રુટ માટે સાબરડેરીના અધિકારી સાથે મગજમારી કરી છે. જ્યારે સાબરડેરીમાં ચાલતા ભ્રષ્ટાચાર બાબતે ધરણાં પર બેઠા હોવા બાબતે કોઈ જાણકારી નથી તેમ જણાવ્યું છે.

સરકાર લીસ્ટ માંગે તો ડિરેક્ટરના સગાઓની ભરતીનો મામલો પ્રકાશમાં આવે

પાછલા બે દાયકાથી સાબરડેરીમાં ચૂંટાતા ડિરેક્ટરોએ પોતાના મામકાઓને નોકરી લીધા છે અને કોઈ મામકો ન મળે તો રુ ૧૫ થી ૩૫ લાખ ખંખેરીને જેવી પોસ્ટ તેવો વેપાર કરી ઉમેદવારોની ભરતી કરી છે. દેશના ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ દ્વારા સાબરડેરીમાં જ્યારથી ભાજપ સત્તામાં આવ્યું છે ત્યાંથી અત્યાર સુધીનું ભરતીનું લીસ્ટ મંગાવે તો ચેરમેન સહિત ડિરેક્ટરોએ પોતાના મામકાઓની ભરતી કર્યાનો પર્દાફાશ થશે અને આવા ભ્રષ્ટ સહકારી આગેવાનોના કારણે ભાજપનું મોટાપાયે ધોવાણ થઈ રહ્યું છે તે પણ સામે આવી શકે છે.

મોડાસામાં ૧૧.૫૦ લાખ ફ્રોડની ખોટી ફરિયાદ કરનાર દંપતી સામે ટાઉન PSIએ ફરિયાદ નોંધવી

મોડાસા, તા. ૨૫ સમગ્ર દેશમાં સાયબર ફ્રોડના કેસમાં નોંધપાત્ર વધારો થયો છે અરવલ્લી જીલ્લામાં સાયબર ક્રાઈમ અટકાવવા જીં સંજય ખરાતે વેપારીઓ અને શહેરીજનો સાથે મોડાસા ટાઉનહોલમાં જનજાગૃતિ સેમિનાર યોજ્યો હતો ત્યારે મોડાસા શહેરમાં એક મહિલાએ તેના બેંક એકાઉન્ટમાંથી ૧૧.૫૦ લાખ બરોબર ઉપડી ગયા હોવાની ટાઉન પોલીસ સ્ટેશનમાં અરજી આપતા પોલીસ તપાસમાં મહિલાએ તેની તેના પતિની સહી કરેલ આપેલ ચેક મારફતે બેંકમાંથી રૂપિયા ટ્રાન્સફર થયા હોવાનું બહાર આવતા મહિલાની અરજીથી વેપારીનું એકાઉંટ ફ્રિજ કરવા ખોટી અરજી આપી હોવાનું બહાર આવતા ટાઉનઁ જીં ડાભી દંપતી સામે ખોટી ફરિયાદ અંગેનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

મોડાસા શહેરની આઈજી રેસીડેન્સીમાં રહેતી ઝુલ્ફા લુકમાન ખેરડાએ એપ્રિલ મહિનામાં ટાઉન પોલીસ સ્ટેશનમાં તેના બેંક એકાઉન્ટ માંથી ૧૧.૫૦ લાખ રૂપિયા જાણ બહાર ઉપડી ગયા હોવાની અરજી આપતા ટાઉન પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરતા જે ખાતામાં ૧૧.૫૦ લાખ જમા થયા હતા તે ખાતા ધારકની તપાસ હાથધરી હતી જેમાં લુકમાન ખેરડાએ કાપડના ધંધામાં ભાગીદાર તરીકે ઈમ્તિયાઝ ભાઈ પાસેથી પૈસા લીધા હતા તેના બદલમાં દંપતીએ ૧૧.૫૦ લાખનો ચેક આપ્યો હતો બાદમાં લુકમાન ખેરાડાએ પૈસા પરત ન આપતા ઈમ્તિયાઝ ભાઈએ તેમના બેંક ખાતમાં ચેક નાખતા ચેક જામ થયો હતો.

ઝુલ્ફા લુકમાન ખેરાડાએ તેના બેંક એકાઉન્ટ માંથી ૧૧.૫૦ લાખ રૂપિયા ખોટી રીતે ઉપડી ગયા હોવાની ટાઉન પોલીસને અરજી આપતા ટાઉન પોલીસે તપાસ હાથધરતાં મહીલાએ ટાઉન પોલીસ સ્ટેશનમાં ખોટી અરજી આપી હોવાનું તપાસ દરમિયાન બહાર આવતા મોડાસા ટાઉન પોલીસ સબ ઈન્સ્પેક્ટર પીપી ડાભી પોતે ફરિયાદી બનીને ઝુલ્ફા લુકમાન ઉસ્માનગની ખેરાડા અને લુકમાન ઉસ્માનગની ખેરાડા (રહે. આઈજી રેસીડેન્સી, મોડાસા) વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

મોડાસા નજીક ધોધમાર વરસાદ, મોડાસા -શામળાજી હાઈવે પાણીમાં ગરકાવ,હાઈવે પરથી પસાર થતા વાહન ચાલકોને હાલાકી

મોડાસા, તા. ૨૫ ગુજરાતમાં ચોમાસાના વિધિવત આગમનની ચાતક નજરે રાહ જોવાઈ રહી છે રાજયમાં પ્રિ મોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે આકાશે કાળા ડિબાંગ વાદળો છવાયાની સાથે અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબકી રહ્યો છે હવામાન વિભાગે આગામી પાંચ દિવસ ભારે વરસાદની આગાહી કરી છે અરવલ્લી જીલ્લાના વાતાવરણમાં છેલ્લા બે દિવસથી પલ્ટો આવ્યો છે આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયા છે મોડાસાના બાજકોટ માર્કેટયાર્ડ વિસ્તારમાં ધોધમાર વરસાદ ખાબકતા મોડાસા-શામળાજી હાઈવે પર પાણી ફરી વળ્યું હતું.

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં રવિવારે સવારથી આકાશમાં ઘનઘોર વાદળો ધસી આવતા મેઘરાજા મહેરબાન થાય તેની આતુરતા પૂર્વક પ્રજાજનો રાહ જોઈ રહ્યા છે ત્યારે મોડાસા નજીક બાજકોટ માર્કેટયાર્ડ પંથકમાં બપોરના સુમારે કડાકા-ભડાકા સાથે ભારે વરસાદ ખાબકતા મોડાસા-શામળાજી હાઈવે પર પાણી ભરાતા રોડ પરથી પસાર થતા વાહન ચાલકો અટવાયા હતા બાજકોટ માર્કેટયાર્ડ પંથકમાં મેઘરાજા એ ધબધબાટી બોલાવતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા મેઘમહેર થતા સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરતા અસહ્ય બફારા અને ઉકળાટ થી ત્રાહિમામ પોકારી ઉઠેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. અરવલ્લી જીલ્લામાં અનેક વિસ્તારો હજુ કોરાધોકાર રહ્યા છે બિપોરજોય વાવાઝોડાને કારણે ધોધમાર વરસાદ પડતાં ધરતી પુત્રોએ અખાત્રીજનું વાવણીનું મુહુર્ત પણ સાચવી લીધું છે. જો કે હવે ખેડૂતો કાગડોળે ચોમાસાના આગમનની સાથે મેહુલિયો મન મૂકીને વરશે તેની રાહ જોઈ રહ્યા છે

તપાસ આવી છે તેમ કહી અનેક દસ્તાવેજો સગેવગે કર્યાની ચર્ચા

જિલ્લાના ભ્રષ્ટ વન અધિકારીએ ખોટી લોગબુક ભરાવી સરકારી વાહનનો દુરૂપયોગ કર્યો

જિલ્લા અને પરપ્રાંતિય વિરપ્પનોની સાંઠગાંઠ પછી વધુ એક કૌભાંડની આશંકા

બાયડ, તા.૨૫ જિલ્લાના ભ્રષ્ટ વન અધિકારીએ ઉચ્ચ કક્ષાએથી તપાસ આવી છે તેમ કહી કચેરી આસપાસ કોઈપણ કર્મચારીને ફરકવા નહીં દઈને દસ્તાવેજો સગેવગે કર્યાની ચર્ચા છે. આવનારા દિવસોમાં ભ્રષ્ટ વન અધિકારીની કચેરીમાં શોર્ટ સર્કીટથી આગ લાગ્યાની ઘટના ધ્યાનમાં આવે તો નવાઈ પામવા જેવું નહીં હોય. જ્યારે ભ્રષ્ટ અધિકારીએ જિલ્લા અને પરપ્રાંતિય વિરપ્પનોની સાંઠગાંઠથી કૌભાંડ આચર્યા પછી હવે ખોટી લોગબુક ભરાવી જિલ્લા બહાર સરકારી વાહન લઈ જવું હોય તો સક્ષમ અધિકારીની મંજૂરી લેવાની હોય છે પરંતુ મંજૂરી લીધા વગર વાહન મનસ્વી રીતે સગાઓ તેમજ મિત્રોના ત્યાં દોડાવી ખોટી લોગબુક ભરાવ્યાની ચકચારી વિગતો પણ ગમે તે ઘડીએ પ્રકાશમાં આવી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાની હાઈવે હોટલ પર કેળાં ખાવાના બદલે કેળ જોઈને પોતાના બેનંબરી ધંધાને રાજસ્થાન સીમાઓ સુધી વિસ્તારના ભ્રષ્ટ અધિકારીએ જંગલ અધિકારી બન્યા ત્યારે વૃક્ષોના જતન માટે સંકલ્પ લીધા હતા તેનાથી તદ્દન ઉલટી કામગીરી કરી રહ્યા છે. પરપ્રાંતિય પાર્સિંગ તેમજ જિલ્લાના વાહનો મારફતે પંચરત્ન લાકડાંના ગેરકાયદે હેરફેરી કરતા વાહનો પાસેથી દર મહિને રૂા. ૧૫ લાખથી પણ વધુ-નું ઉઘરાણું કર્યા પછી મળતિયા તેમના ડ્રાઈવરની શંકાસ્પદ ભૂમિકા પણ સામે આવી છે. રોજમદાર ન હોવા છતાં ડ્રાઈવર તરીકે હોવા છતાં વહીવટદાર બનાવ્યો અને હવે પગતળે રેલો આવતાં તાજેતરમાં ઉચ્ચ કક્ષાએથી તપાસ આવી છે તેવી ખોટી હવા ઉપર અન્ય રોજમદાર તેમજ હંગામી કર્મચારીઓ અને લોકપાલ કચેરી આસપાસ ન આવે તેવો કારસો રચ્યો અને પોતાના અંગત વાહનમાં પાછલી સીટમાં કેટલાક દસ્તાવેજો મૂકી સમી સાંજે રવાના થઈ ગયા હતા તે વિડીયો પણ એક અક્કલ વીરે ઉતારી લીધો છે. જ્યારે ભ્રષ્ટ વાહન અધિકારીએ ભ્રષ્ટાચાર હજુ ઓછો પડતો હોય તેમ સરકારી વાહન નિયમ વિરૂદ્ધ અન્ય વિસ્તારોમાં દોડાવી ખોટી લોગબુક ભરાવવાની સાથે સરકારી વાહનનું ઈંધણ ખાનગી વાહનમાં પણ ઠલવાતું હોવાના આક્ષેપમાં તથ્ય છે કે કેમ..?? તે તો આવનારા દિવસોમાં કેટલાક પેટ્રોલ પંપના સી.સી.ટીવી ફૂટેજ ઉપરથી બહાર આવી શકે છે. પરંતુ એક પછી એક ભ્રષ્ટ અધિકારી વિરૂદ્ધ થઈ રહેલી એફીડેવિટ અને વિડીયોના કારણે મહિનાના અંત સુધીમાં મોટા ખુલાસા થઈ શકે છે.

તલોદમાં ભાજપ દ્વારા વ્યાપારી સંમેલન યોજાયું

તલોદ, તા. ૨૫ તલોદમાં ભાજપ શાસનમાં નવ વર્ષ પૂર્ણ કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શનિવારે પટેલ બોર્ડીંગમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત વ્યાપારીઓને ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના અધ્યક્ષ સ્થાને ધંધા-રાજગારમાં વ્યાપારીઓને પડતી મુશ્કેલીઓ દૂર કરવા સરકાર દ્વારા સતત તેમની પડખે રહી કટિબદ્ધતાનો વિશ્વાસ જમાવ્યો હતો.

નરેન્દ્રભાઈ મોદીએ સતત નવ વર્ષ પૂર્ણ કરી દેશમાં કરેલી વિવિધ ક્ષેત્રે પ્રગતિથી વ્યાપારીથી માંડી નાના-મોટા તમામ પ્રકારે સફળતા મેળવી હોવાનું વિવિધલક્ષી કામો અને વિકાસ કર્યાનું વિગતવાર માહિતી પ્રાપ્ત કરી હતી. આ પ્રસંગે ભાજપના કાર્યકરો પાલિકાના વિવિધ વિસ્તારોમાં રૂબરૂ મુલાકાત કરી પ્રજાના મંતવ્યો જાણી સરકારના લાભો વિશે મુશ્કેલી નિવારણ કાર્યક્રમ પણ ઘડવામાં આવ્યો હતો. પૂર્વમંત્રી જયસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા પાલિકા ઉપપ્રમુખ ઋતુલભાઈ પટેલ, પ્રકાશસિંહ ઝાલા, પ્રવિણ કાકા, સંગઠન, પ્રમુખ દામોદરભાઈ પટેલ જેવા અનેક અગ્રણીઓ હજાર રહ્યા હતા.

પાલનપુર તાલુકામા મેલેરીયાના નિયંત્રણ માટે હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી શરૂ કરાઈ

મચ્છરજન્ય તેમજ પાણી જન્ય રોગને ફેલાતો રોકવા આરોગ્ય તંત્ર સાબદુ બન્યું

પાલનપુર તા.૨૫

બનાસકાંઠા જિલ્લામાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ કારણે ઠેર ઠેર વરસાદી પાણી ભરાતા મચ્છર ઉત્પન્ન થવાથી વાહક જન્ય રોગચાળો તેમજ પાણી જન્ય ફેલાવાની શકયતાને મેલેરિયા જેવા રોગચાળાને ડામવા આરોગ્ય તંત્ર સાબાદું બન્યું છે અને પાલનપુર તાલુકામાં જુદી જુદી ટીમો દ્વારા હાઉસ ટુ હાઉસ નો સર્વે હાથ ધરાયો છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,બનાસકાંઠા જિલ્લામાં હાલ ચોમાસાની સીઝનને લઈ મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા રોગો ફેલાવાની શક્યતાને ધ્યાનમાં લઈ જિલ્લા મેલેરીયા શાખા દ્વારા ગત સોમવાર થી હાઉસ ટુ હાઉસ સઘન સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે.જેમાં પાલનપુર તાલુકામાં માં ૮૭,૯૮૩ ઘર અને ૪,૪૯,૯૧૬ લોકો માંથી ચાર દિવસમાં ૩૭,૫૫૬ ઘર અને ૧,૮૭,૮૭૭ લોકોનો સર્વે કરવામાં આવશે દરેક ગામોમાં સઘન હાઉસ ટુ હાઉસ સર્વે કરી રોગચાળો ફેલાતા પહેલા તેને નિયંત્રણમાં રાખી શકાય તે માટે ની કામગીરી હાથ ધરવામાં આવી છે જેમાં પાણીના ભરાવા વાળી જગ્યા ઓ પર જંતુનાશક દવાઓ નો છટકાંવ, મકાનોમાં કુંડા તેમજ પાણીના ટાંકાની સફાઈ જેવી બાબતો અંગે લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે.

ટીંટોઈ પોલીસે રીક્ષામાંથી સર્વોદયનગરના બુટલેગરને ૯૧ દારૂ ભરેલી દુધીયો સાથે દબોચ્યો

મોડાસા, તા. ૨૫ અરવલ્લી જીલ્લા SP સંજય ખરાતે જીલ્લામાં દેશી-વિદેશી દારૂની હેરાફેરી અને વેપલાને અટકાવવા માટે બુટલેગરો સામે શખ્ત કાર્યવાહીના આદેશના પગલે જીલ્લા પોલીસતંત્રએ બુટલેગરો સામે લાલ આંખ કરી છે જીલ્લા પોલીસતંત્ર નાના-મોટા વાહનો મારફતે થતી દારૂની ખેપ બ્રેક મારી રહી છે ટીંટોઈ પોલીસે મહાદેવગ્રામ (બાકરોલ) નજીક રિક્ષામાં ૨૭૩ દેશી દારૂ પ્લાસ્ટિકની દુધિયોમાં ભરી ખેપ મારતો ઝડપી પાડી જેલના સળિયા ધકેલી દીધો હતો દેશી દારૂ ગાળતા બુટલેગરો પ્લાસ્ટિકની પોટલીયોને બદલે પ્લાસ્ટિકની દૂધી આકારની થેલીઓનો ઉપયોગ કરી પોલીસની આંખોમાં ધૂળ નાખવાનો પ્રયત્ન કરી રહ્યા છે. મોડાસા શહેરના સર્વોદય નગર (ડુંગરી),વિનાયક ટાંકી, રાવળ વિસ્તાર,બાયપાસ રોડ અને કસ્બા નજીક દેશી દારૂનો ધૂમ વેપલા થઈ રહ્યો છે મોડાસા શહેરમાં દેશી દારૂ વેચાણ કરતા બુટલેગરો જીવણપુર છારા નગર અને મેશ્વો નદીના પટમાં ધમધમતી દારૂની ભઠ્ઠીઓ અને દારૂ ગાળવા માટે પંકાયેલ ગ્રામ્ય વિસ્તારોમાંથી દરરોજ વિવિધ વાહનો મારફતે હજ્જારો લીટર દારૂ લાવી બેફામ વેપલો કરી રહ્યાનું જગજાહેર છે. ટીંટોઈ પીએસઆઈ કોમલ રાઠોડ અને તેમની ટીમે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ હાથધરતા જીવણપુર થી મોડાસા તરફ જતા મહાદેવ ગ્રામ (બાકરોલ) રોડ પરથી સીએનજી રિક્ષામાં દારૂની ખેપ થઇ રહી હોવાની બાતમી મળતા બાકરોલ નજીક વોચ ગોઠવી બાતમી આધારિત સીએનજી રિક્ષાને અટકાવી તલાસી લેતા રિક્ષામાં પ્લાસ્ટિકના મીણીયાની તથા કાપડની થેલીઓમાં દેશી દારૂ ભરેલ પ્લાસ્ટિકની દુધીયો (થેલી) નંગ-૯૧માં ભરેલ ૨૭૩ લીટર દેશી દારૂ કીં.રૂ.૫૪૬૦/- સાથે વિશ્વજીત બાબુ ભોઈ (રહે,સર્વોદય નગર,મોડાસા) ને દબોચી લઇ દેશી દારૂ અને રીક્ષા મળી રૂ.૨.૦૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.